# GNLU NEWSCLIPS

## GNLU, Nirma students shine at the national level sports competition

#AHMEDABAD




Two students from Ahmedabad and Gandhinagar institutes shone at national level sports competition, winning gold medals. Gujarat National Law University (GNLU)'s Radhapriya Goel, a fourth year law student claimed gold medal in the All India Public Sector Table Tennis Tournament 2024-25. Rakshikha Ravi, a first-year BTech student at Nirma University was part of a team from Gujarat that clinched gold-medal in the Indian Pickleball Association Pickleball Nationals. Officials at GNLU said, Goel competed and won a medal in the women's singles event and a silver medal in the women's team event at an event held in Kozhikode, Kerala. Reflecting on her victory, she remarked, "This is one of the biggest wins of my career," officials at GNLU said. Expressing her joy, Rakshikha shared her excitement about the honour of representing Gujarat and contributing to this remarkable victory. She also credited her success to rigorous training and dedication.

Ahmedabad Mirror
Wednesday, February 05, 2025

---

## GNLU ખાતે વેટલેન્ડ્સ ડે ની ઉજવણી

એનએલયુ ખાતે સેન્ટર ફોર ક્લાઇમેટ જસ્ટિસ દ્વારા વિશ્વ વેટલેન્ડ્સ ડેની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા 'લદ્દાખનું મૌન આક્રંદ' શેરી નાટક અને કુદરત પ્રેરિત પોશાક દિવસ અને થ્રીફ્ટ સ્ટોલ જેવાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શેરી નાટક દ્વારા વિદ્યાર્થીઓએ લદ્દાખનાં સ્થાનિક રહેવાસીઓને થતાં પર્યાવરણીય પડકારો અને તેનાં સંરક્ષણ માટેની સમજ આપી હતી. આ ઉજવણીના અંતિમ દિવસે લદ્દાખના વન્યજીવન અને પક્ષીઓના સંરક્ષણ ક્લબનાં અધ્યક્ષ લોબઝાંગ સુલતીમ વિસુદ્ધાએ વિશ્વ જળપ્લાવિત (વેટલેન્ડ્સ) દિવસનાં મહત્વ પર વાત કરી હતી.



Gujarat Samachar
Friday, February 07, 2025

ભાસ્કર વિશેષ | IIM, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, IIT ગાંધીનગર, NFSU, GNLUના વિદ્યાર્થીઓ જોડાયા

# ગુજરાતની વિવિધ યુનિ.ના વિદ્યાર્થીઓએ મહાકુંભમાં સેવાકાર્ય, ટીમવર્ક, કોમ્યુનિકેશન-મેનેજમેન્ટ સ્કિલ્સનો અનુભવ મેળવ્યો

યશ પટવર્ધન | ગાંધીનગર

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં ગુજરાતની વિવિધ યુનિ.માં વિદ્યાર્થીઓ મેનેજમેન્ટના પાઠ શીખવા માટે પહોંચ્યા હતા. આ વિદ્યાર્થીઓએ સેવાકાર્ય, ટીમવર્ક, કોમ્યુનિકેશન, મેનેજમેન્ટ સ્કિલનો અનુભવ મેળવ્યો હતો. હાલમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના 100 જેટલા વિદ્યાર્થી મહાકુંભમાં નવતર પ્રકારની ઈન્ટર્નશિપ થકી વ્યવહારુ અનુભવ મેળવી રહ્યા છે.

અનુસંધાન પાના નં. 9


## મેડિકલ સ્ટુડન્ટે સારવાર કેન્દ્રોમાં, ફાર્મસી વિદ્યાર્થીઓએ દવાના સ્ટોલ પર સેવા આપી

**થિન્ક ઈન્ડિયાઃ** પ્રીમિયર યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને જોડીને મહાકુંભનાં આયોજનો અને સંસ્કૃતિના દ્રષ્ટિકોણથી કાર્ય કરાયું

**મીડિવિઝનઃ** મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને મેડિકલ સેવા માટે મોકલવામાં આવ્યા, કેમ્પમાં યાત્રાળુઓને તબીબી સહાય પૂરી પાડી રહ્યા છે.

**ફાર્માવિઝનઃ** ફાર્મસી ક્ષેત્રના વિદ્યાર્થીઓને દવાઓના સ્ટોલ સંભાળવાની જવાબદારી સોંપાઈવામાં આવી, જેથી શ્રદ્ધાળુઓને યોગ્ય દવાઓ મળી શકે.

**જિજ્ઞાસાઃ** આયુર્વેદના વિદ્યાર્થીઓ આયુર્વેદ કેમ્પમાં જોડાઈને લોકો માટે ઉપચાર પર કામ કરી રહ્યા છે.



કુંભ મેળામાં પહોંચેલા ગુજરાતના વિદ્યાર્થીઓ

### 15 વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી

એબીવીપીએ આયોજનને વધુ લોકપ્રિય બનાવવા માટે સોશિયલ મીડિયા ઈન્ટર્નશિપ શરૂ કરી છે. જેના માટે 15 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે, ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ પણ આપવામાં આવશે.

### વિદ્યાર્થીઓ વિવિધ સ્કિલ શીખી શકશે

“કુંભમાં જોડાવાથી વિદ્યાર્થીઓ માટે માત્ર ધાર્મિક મેળાનું નિરીક્ષણ જ નહીં, પરંતુ સેવાભાવ, ટીમવર્ક અને મેનેજમેન્ટ જેવી સ્કિલ્સ પણ શીખે છે. »» સમર્થ ભટ્ટ, પ્રદેશમંત્રી, ABVP

### લાર્જ સ્કેલ ઈવેન્ટ મેનેજમેન્ટનો અનુભવ

“કુંભમાં લાર્જ સ્કેલ ઈવેન્ટ મેનેજમેન્ટને સમજી શક્યા અને સાથે ડોક્યુમેન્ટેશનમાં પણ સહભાગી રહ્યા. અમે ભક્તો સાથે વાતચીત કરી, તેમની શ્રદ્ધા અને વ્યક્તિગત અનુભવો જાણવા મળ્યા. » નિધિ ભદ્રા, સ્ટુડન્ટ, NFSU

**Divya Bhaskar**
**Friday, February 07, 2025**

---

SOCIAL CELEBRATION | GNLUના પ્રોગ્રામમાં લદ્દાખના પર્યાવરણ રક્ષકે પણ હાજરી આપી

# શેરી નાટક, સસ્ટેનેબલ કોસ્ચ્યુમ ડે, થ્રિફ્ટ સ્ટોર, લેક્ચર સેશન સાથે વર્લ્ડ વેટલેન્ડ્સ ડે સેલિબ્રેટ કરવામાં આવ્યો

**ગાંધીનગરઃ** GNLUના સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ, સસ્ટેનેબિલિટી એન્ડ ક્લાઈમેટ જસ્ટિસ દ્વારા ‘વર્લ્ડ વેટલેન્ડ્સ ડે’ સેલિબ્રેટ કરાયો. ‘આપણા સહિયારા ભવિષ્ય માટે વેટલેન્ડ્સનું રક્ષણ’ અંતર્ગત આ કાર્યક્રમ યોજાયો. સેલિબ્રેશનનો ઉદ્દેશ વેટલેન્ડ્સના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો હતો.

આ ત્રિદિવસીય પ્રોગ્રામમાં ‘સાયલેન્ટ ક્રાય ઓફ લદ્દાખ’ શેરી નાટક, નેચર-ઈન્સ્પાયર્ડ કોસ્ટ્યૂમ ડે સેલિબ્રેશન, થ્રિફ્ટ સ્ટોલ, લદ્દાખના વન્યજીવન અને પક્ષીઓના સંરક્ષણ અંગે પ્રેરણાદાયી લેક્ચર યોજાયા. કાર્યક્રમમાં લદ્દાખના પર્યાવરણ રક્ષક લોબઝાંગ સુલતીમ વિશુદ્ધાનું સેશન યોજાયું હતું. જેમાં તેમણે જણાવ્યું કે, ‘વિશ્વના તમામ પ્રાણીઓમાં આપણે મનુષ્ય પૃથ્વી, વેટલેન્ડ્સ માટે વધુ હાનિકારક છીએ. જો આ કુદરતી રહેઠાણોનો નાશ ચાલુ રહેશે, તો ભવિષ્યમાં ગંભીર પરિણામો ભોગવવા પડશે.’



### ‘સાયલેન્ટ ક્રાય ઓફ લદ્દાખ’ શેરી નાટક

‘સાયલેન્ટ ક્રાય ઓફ લદ્દાખ’ નાટકમાં લદ્દાખના પર્યાવરણીય પડકારોને રેખાંકિત કરાયા. જેમાં ભાઈ-બહેનની વેદનાપૂર્ણ વાર્તા રજૂ થઈ, જેમનું ગામ હિમનદીના ઓગળવાથી નષ્ટ થાય છે. આ કૃતિ દ્વારા સ્ટુડન્ટ્સે પ્રકૃતિ સાથે સુમેળ સાધવા સસ્ટેનેબલ સોલ્યુશન્સ અપનાવવા અપીલ કરી.

**Divya Bhaskar**
**Saturday, February 08, 2025**

स्टार्ट अप • ड्रोननुं प्रदर्शन भारतीय सेना द्वारा 26-27 जान्युआरीना रोज करवामां आव्युं हतुं

# GNLUना એલુમનીએ હથિયારોથી સજ્જ ડ્રોન તૈયાર કર્યું

**ગાંધીનગરઃ** રુદ્રમ ડાયનામિક્સ પ્રાઈવેટ લિમિટેડ, એ એક ઈનોવેટિવ ડિફેન્સ ટેક્નોલોજી સ્ટાર્ટઅપ છે, જેણે 9mm ASMI ગન અને હથિયારોથી સજ્જ એક વ્યક્તિ દ્વારા ઓપરેટ કરી શકાય તેવું ડ્રોન સફળતાપૂર્વક પ્રદર્શિત કર્યું. રુદ્રમના ફાઉન્ડર કોણાર્ક રાય છે, જે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU)ના એલુમની છે. આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ ભારતમાં લોકલ ડિફેન્સ ટેક્નોલોજીના વિકાસને દર્શાવે છે અને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ દેશની આત્મનિર્ભરતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. આ લીડિંગ ટેક્નોલોજી ખાસ કરીને આતંકવાદ અને બગાવત વિરોધી કામગીરી માટે ડિઝાઈન કરવામાં આવી છે, જનું પ્રદર્શન ભારતીય સેનાને 26 અને 27 જાન્યુઆરી 2025ના રોજ કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શન દરમિયાન ASMI, જે ભારતીય સેનાના કર્નલ પ્રસાદ બસોડ દ્વારા ARDE અને DRDO પુણેના સહયોગથી વિકસાવવામાં આવેલી ભારતની પ્રથમ લોકલ સબમશીન ગન છે, તેને ડ્રોન પ્લેટફોર્મ સાથે સફળતાપૂર્વક સંકલિત કરાઈ હતી. આ ડ્રોન એ હવામાં રહીને લાઈવ ફાયરિંગ કર્યું, તેમજ જમીન પર અને હવામાં સ્થિર રહીને ડ્રાય ફાયરિંગ પણ કર્યું. આ દરમિયાન ડ્રોન સંપૂર્ણ સ્થિરતા અને ચોકસાઈ સાથે કામગીરી કરવા સમર્થ રહ્યું.



## ડ્રોન 45થી 60 મિનિટ સુધી સતત ઉડાન ભરી શકે છે

ડ્રોન 45થી 60 મિનિટ સુધી સતત ઉડાન ભરવા અને 15 કિમીના વિસ્તારમાં કાર્ય કરવા માટે ડિઝાઈન કરાયું છે, જે તેને લાંબી અવધિ સુધી સંચાલિત કરવાની ક્ષમતા આપે છે. હાલની સુવિધાઓ સિવાય, આ પ્લેટફોર્મને વધુ શક્તિશાળી બનાવવા માટે AK-203 અને Sig 716 જેવા લાંબા અંતરના હથિયારો સાથે સુસંગત બનાવવા માટે વિકસાવવામાં આવી રહ્યું છે, જેથી તેને વિવિધ યુદ્ધ પરિસ્થિતિઓમાં ઉપયોગી બનાવી શકાય.

## આ ડિફેન્સ સેક્ટરમાં ભારતના આત્મનિર્ભરતા હાંસલ કરવાના લક્ષ્યને મજબૂત બનાવે છે

આ ટેક્નોલોજી સંપૂર્ણ રીતે સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે, જે સૈનિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવે છે. આ સિસ્ટમ એક આધુનિક ડ્રોન પ્લેટફોર્મ અને વિશેષ માઉન્ટિંગ સિસ્ટમ સાથે ડિઝાઈન કરાઈ છે, જેથી હવામાં ફાયરિંગ કરતી વખતે ડ્રોન સ્થિરતા અને ચોકસાઈ જાળવી શકે. રુદ્રમનું એક વ્યક્તિ દ્વારા વહન કરી શકાય તેવું હથિયારોથી સજ્જ ડ્રોન 'ફોરફ્રન્ટ ઓફ ઈનોવેશન ઇન ધ વેપનાઈઝ્ડ ડ્રોન કેટેગરી' છે. આ વિકાસ સાથે, રુદ્રમ લોકલ ડિફેન્સ ટેક્નોલોજીમાં નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે અને ભારતના 'આત્મ રક્ષિત' - ડિફેન્સ સેક્ટરમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાના લક્ષ્યને મજબૂત બનાવી રહ્યું છે.

• કોણાર્ક રાય, ફાઉન્ડર, રુદ્રમ

Divya Bhaskar
Sunday, February 09, 2025

# ટેક્નોલોજી '2 ધારી તલવાર' છે: પ્રોફેસર ડૉ. શાંથાકુમાર

**ગાંધીનગરઃ** 'ટેક્નોલોજી 'બે ધારી તલવાર' છે, જે રીતે ટેક્નોલોજી ક્રાઈમ માટે નવા માધ્યમો ઉભા કરે છે, તે જ રીતે તે ક્રાઈમની તપાસ અને ફોજદારી ન્યાય વ્યવસ્થાને વધુ મજબૂત પણ બનાવી શકે છે.' આ શબ્દો છે GNLUના ડાયરેક્ટર પ્રો. (ડૉ.) શાંથાકુમારના...ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે 'ક્રાઈમ અને ટેક્નોલોજીઃ સંભાવનાઓ અને પડકારો' વિષય પર બે દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ. કોન્ફરન્સમાં વ્હાઈટ કોલર ક્રાઈમ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ક્રાઈમ અને આર્થિક ગુનાઓ સાથે ટેક્નોલોજીના ઉભરતા ઈન્ટરફેસ પર ચર્ચા કરવામાં આવી. પોલીસ મહાનિર્દેશક નીરજા ગોત્રુએ નાગરિકો ટોલ ફ્રી નંબર 1930 પર ત્વરિત ફરિયાદ નોંધાવા માર્ગદર્શન આપ્યું. તો ટેક્નોલોજીના અસરકારક ઉપયોગ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

Divya Bhaskar
Tuesday, February 11, 2025

# जीएनएलयू में साइबर अपराधों पर हुआ मंथन



## जीएनएलयू में अपराध और प्रौद्योगिकी: संभावनाएं और चुनौतियां विषय पर कांफ्रेंस

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com

गांधीनगर. गुजरात नेशनल लॉ यूनिवर्सिटी (जीएनएलयू ) में अपराध और प्रौद्योगिकी: संभावनाएं और चुनौतियां विषय पर दो दिवसीय अंतरराष्ट्रीय कांफ्रेंस हुई, जिसमें वाइट कॉलर अपराधों, आर्टिफिशियल इंटेलिजेंस संचालित अपराधों व आर्थिक अपराधों के क्षेत्र में प्रौद्योगिकी पर मंथन किया गया।

गुजरात पुलिस भर्ती बोर्ड की अध्यक्ष नीरजा गोटरू ने कांफ्रेंस का उद्घाटन किया। जीएनएलयू के निदेशक प्रोफेसर एस. शांथाकुमार, जीएनएलयू सेंटर ऑफ रिसर्च इन क्रिमिनल जस्टिस साइंस सकी प्रो.अंजनी सिंह तोमर सहित कई हस्तियां उपस्थित रहीं।

नीरजा गोटरू ने कहा कि भारत सरकार ने साइबर अपराधों का सामना करने के लिए इंडियन साइबर क्राइम को-ऑर्डिनेशन सेंटर ( I4सी) की स्थापना की है। साइबर अपराध का शिकार नागरिक टोल फ्री नंबर 1930 पर अपनी शिकायत दर्ज करवा सकते हैं, जिससे धोखाधड़ी से प्राप्त धन की हेराफेरी में शामिल सभी बैंक खातों को फ्रीज़ किया जा सकता है। उन्होंने छात्रों से ह्4सी के बारे में जागरूकता फैलाने की अपील की।

जीएनएलयू के निदेशक प्रोफेसर डॉ. शांथाकुमार ने कहा कि प्रौद्योगिकी दोधारी तलवार की तरह है। एक ओर, तेजी से विकसित हो रही प्रौद्योगिकी नए अपराधों को जन्म देती है, जबकि दूसरी ओर यह अपराधों की रोकथाम, जांच और आपराधिक न्याय व्यवस्था के संचालन में भी सहायक हो सकती है।

कांफ्रेंस में प्रतिभागियों ने डिजिटल धोखाधड़ी, मनी लॉन्डरिंग, ऑनलाइन पोर्नोग्राफी, साइबर हमले, बैंक धोखाधड़ी, कॉर्पोरेट जासूसी, इनसाइडर ट्रेडिंग और डीप फेक जैसे अपराधों के प्रौद्योगिकी के साथ संबंधों पर चर्चा की। अपराध की जांच, न्यायालय की कार्रवाई, निर्णय और सजा में प्रौद्योगिकी के उपयोग से अधिक प्रभावी परिणाम कैसे प्राप्त किए जा सकते हैं, इन पर भी विचार-विमर्श किया।

Rajasthan Patrika
Tuesday, February 11, 2025